કામના ટેન્ડર ફરીથી મંગાવવામાં આવે
ત્યારે રાખવાની થતી તકેદારી

ગુજરાત સરકાર
સુચના ક્રમાંક:- TNC-10-2015-01-C
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૧૫

સંદર્ભ:- ગુજરાત તકેદારી આયોગના તા.૨૩-૦૮-૨૦૧૦ ના પત્ર ક્ર. જીએમબી-૧૧૨૦૦૭-૨૫૧૧૫૩-ઈ

આમુખ:-

ગુજરાત તકેદારી આયોગના ધ્યાને આવેલ કિસ્સા મુજબ, પહેલાં ઈજારદાર પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ત્યાર પછી ઈજારદારે ટેન્ડરમાં બીનપોષણક્ષમ ભાવો ભર્યા હોવાથી, કામ નહીં કરી શકે તેવા કારણોસર ટેન્ડર રદ કરાયેલ હોય અથવા વેલીડીટી પીરીયડમાં ટેન્ડર સ્વીકારેલ હોઈ અને પૂરતી તક મળ્યા છતાં ઈજારદારશ્રી સીક્યોરીટી ડીપોઝીટ ન ભરે, એટલેકે પીછેહઠ કરે ત્યારે, અને વાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુકામ અધુરા છોડે અને કરાર રદ થાય તો આવા સંજોગો માત્ર ઈજારદારશ્રીના જ કારણોસર ઉદભવ્યા ગણાય. આ સ્થિતિમાં કામના ટેન્ડર ફરીથી માંગવામાં આવે ત્યારે રદ કરાયેલ ટેન્ડર/કરારના સંબંધિત ઈજારદારશ્રી પુન: ટેન્ડર ભરી શકે છે, જે ભુલ કરનાર ટેન્ડર ભરનારની તરફદારી કરવા સમાન હોઈ ઈચ્છનીય નથી.

ઉપરોક્ત બાબત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આથી સુચના આપવામાં આવે છે અને આ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

સુચના :-

નીચે જણાવેલ કિસ્સાઓમાં, જો માત્ર ઇજારદારશ્રીના કારણોસર ટેન્ડર ફરીથી માગવામાં આવે તો જ ઇજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવેલ હોય તે ઇજારદારશ્રી કોઈપણ પ્રકારે તે જ કામના પુન: માંગેલ ટેન્ડરમાં ભાગ લઇ શકશે નહી.

(૧) પ્રથમ માંગેલ ટેન્ડરમાં ઈજારદારશ્રી પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ઇજરદારશ્રી પાસેથી આ ભાવોનુ પૃથ્થકકરણ માંગવામા આવે અને જો ઇજરદારશ્રી તે જણાવેલ સમયમર્યાદામાં ન આપે અને તે ટેન્ડર બિનપોષણક્ષમ ભાવ ગણી રદ કરી ફરીથી માંગવામા આવે તે સંજોગોમાં.

(૨) પ્રથમ માગેલ ટેન્ડર તેની વેલિડિટી પીરિયડમાં સ્વીકારવામાં આવેલ હોય અને પુરતી તક આપવા છતાં ઇજારદારશ્રી સીક્યુરીટી ડીપોઝીટ ન ભરે અને કામમાંથી પીછેહઠ કરે તે સંજોગોમાં.

(૩) વાજબી કારણો વગર ઇજારદારશ્રી ચાલુ કામ અપુરૂ છોડે અને કરાર રદ થાય તે સંજોગોમાં.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો)
માર્ગ અને મકાન વિભાગ